


# આહ્‌વાન

A Monthly Bulletin of Shahpur Methodist Church

Address : Bahai Center, Shahpur, Ahmedabad 380 001.



Email : rev.arvindkhristi@gmail.com
Visit us at : www.shahpurmethodistchurch.com

Pastor : Rev. Arvind R. Khristi
Ph. : 079-25503545 (M) 9913070647



વર્ષ - ૫૩ જુલાઈ - ૨૦૨૪ પત્ર - ૧૩૧


## જાગૃત રહેવું માથ્થી ૨૫:૧-૧૩

માથ્થી ૨૫:૧-૧૩ કલમોની અંદર દશ કુમારિકાઓના દૃષ્ટાંતમાં પ્રભુ તેમના પુનરાગમન સમયે લોકો જાગૃત રહેલા હોવા જોઈએ તે સંદેશો જણાવે છે. વરને મળવા દશ કુમારિકાઓ મશાલો લઈને તૈયાર છે. વરને આવતાં વાર લાગે છે તે સમયે તેઓ ઝોકાં ખાઈને ઊંઘી જાય છે. ત્યારે મધરાતે પોકાર પડ્યો કે વર આવ્યો છે.

આ બાબત જણાવે છે કે પ્રભુનું બીજીવારનું આવવું ચોક્કસ છે. ક્યારે આવશે એ ચોક્કસ કહી શકતા નથી પરંતુ આવશે તે ચોક્કસ વાત છે. તેમાં સંદેહને કોઈ જ સ્થાન નથી. યોહાન ૧૪:૧-૩ જણાવે છે કે પ્રભુ કહે છે કે હું પાછો આવીશ અને તમને મારી પાસે લઈ જઈશ. ૧ થેસ્સા ૪:૧૬ જણાવે છે કે પ્રભુ આકાશમાંથી ઉતરશે.

દશ કુમારિકાઓ માટે વર આવવાના નિશ્ચિત હતા તે પ્રમાણે આવે છે. આ જ રીતે પ્રભુ એક દિવસ ચોક્કસ આવશે. વર આવવાના નિશ્ચિત હતા પરંતુ દશ કુમારિકાઓમાં પાંચ સંપૂર્ણ જાગૃત રહેતી નથી, સાવચેત રહેતી નથી. તેઓની પાસે પૂરતા પ્રમાણમાં તેલ નહિ હોવાથી મશાલો હોલવાઈ જાય છે. તેલ લેવા જાય છે એટલા સમયમાં તૈયાર હતી તે વરની સાથે જાય છે અને બીજી બહાર રહી જાય છે.

દસે દશ કુમારિકાઓ ઊંઘે છે પરંતુ પાંચની ઊંઘ એ સંપૂર્ણ તૈયારી સાથેની શાંતિની ઊંઘ છે. પ્રભુમાં છે, પ્રભુ પ્રત્યેના વિશ્વાસમાં છે. સાવચેતી સાથેની ઊંઘ છે. વિશ્વાસુ જીવનમાં હરસમયે કાર્યરત રહેવાનું છે. શુદ્ધ, પવિત્ર અને આત્મિક રીતે જીવંત રહેવાનું છે. પાંચ કુમારિકાઓ આવી રીતે તૈયારી સાથે ઊંઘતી હતી તેઓ જ વરની સાથે જઈ શકે છે.

બીજી પાંચ કુમારિકાઓની ઊંઘ નિષ્કાળજી, બેફિકર અને પ્રભુમાં અપૂર્ણ, અવિશ્વાસુ તરીકે જણાય છે. તેઓ એવા વહેમ, વિચાર અથવા ખાત્રીમાં હશે કે સમય આવે જોઈ લઈશું. બહુ ચિંતા કરવાની જરૂર નથી, બહુ ઝાઝી તૈયારી કરવાની અથવા તૈયાર રહેવાની જરૂર નથી. આવા વિચારમાં તેઓ હશે. આવા વિચારમાં તેઓને જ્યારે સમય આવ્યો ત્યારે તૈયાર થવાનો સમય રહેતો નથી.

વ્હાલાઓ પ્રભુના પુનરાગમન સમયે આપણને તૈયારી કરવાનો કોઈ સમય હશે નહિ, પ્રભુ કોઈની રાહ જોશે નહિ પરંતુ જેઓ તૈયાર હશે તેઓ જ તેમની સાથે જઈ શકશે. આપણે આપણા વિશ્વાસ, સમર્પણના જીવનમાં સતત દોડતા રહીએ, જીવંત રહીએ. આપણે યાદ રાખીએ કે પ્રભુના આવતાં વાર લાગશે પણ આવશે એ નિશ્ચિત છે.

આજે જગતમાં, મંડળીમાં ઘણા આળસ, બેફીકર, અવિશ્વાસ, જગીક જીવન, જગીક આનંદની ઊંઘ પાછળ છે. ઘણાને પોતાની નજરમાં ન્યાયી હોવાની ઊંઘ હોય છે. પ્રભુની બીક, ડર અને ભય વિનાના બેફાન જીવનની ઊંઘ છે. વ્હાલાઓ હજુ પણ સમય છે. આપણે રોમન ૮:૧૧ જણાવે છે તે પ્રમાણે જાગીએ.

વ્હાલાઓ, આપણે પાંચ ડાહી અને પ્રે.કૃ. ૧૨:૭ માં પિતર ઊંઘે છે તેવી તૈયારી સાથેની, વિશ્વાસની, સમર્પણ અને પ્રભુની બીકવાળા જીવન પ્રમાણે ઊંઘીએ.

---

## BIRTHDATE IN JULY

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧/૭ | મંદાકીનીબેન એલ. પેલમોર | ૮/૭ | સિલ્વીયા એન. ક્રિશ્ચિયનUSA | ૧૮/૭ | એન્જલ એ. ક્રિશ્ચિયન |
| ૧/૭ | રોશની પી. પરીખ | ૮/૭ | કેરોલીન એ. ક્રિશ્ચિયન | ૧૯/૭ | રાજેશ એફ.રાઠોડ |
| ૧/૭ | રીનલ સી. સોલંકી | ૮/૭ | વેલેન્ટીના એ. ક્રિશ્ચિયન | ૨૩/૭ | રિચાર્ડ એસ. હિવાળે |
| ૨/૭ | ડૉ. મિનલ કેયુર ચૌહાણ USA | ૯/૭ | રીટાબેન ડી. હેરી | ૨૫/૭ | ઈમાનુએલ એસ. ખ્રિસ્તી |
| ૩/૭ | મીશેલ ડી. મેકવાન USA | ૯/૭ | નેન્સી આર. ફ્રાન્સિસ | ૨૬/૭ | ફ્રાન્સીસ વી. ગોહિલ |
| ૩/૭ | એરોન એ. ઈમાનુએલ | ૧૧/૭ | મહીમા એ. પેટ્રીક | ૨૬/૭ | મટીલ્ડા જી. મેકવાન |
| ૪/૭ | સિપ્રાહ એ. પેલમોર | ૧૨/૭ | પ્રતિભા આર. મહિડા | ૨૭/૭ | ચિરાગ એસ. ચૌહાણ USA |
| ૪/૭ | આશ્રા એ. સોલોમન | ૧૪/૭ | ફેનીલ એ. મહિડા | ૨૭/૭ | માગ્રેટબેન એસ. ઈમાનુએલ |
| ૭/૭ | જેમ્સ વી. મેકવાન | ૧૫/૭ | સ્વીટી એન. પરીખ | ૨૯/૭ | શેરીલ આર. ક્રિશ્ચિયન |
| ૭/૭ | રિયોના ડી. હેરી | ૧૫/૭ | રીયોના પી. ક્રિશ્ચિયન | ૨૯/૭ | સ્ટેસી જે. ડેવિડ |
| ૮/૭ | જુલીયેટ એન. ક્રિસ્ટી | ૧૬/૭ | કૃણાલ આર. મહીડા | ૨૯/૭ | સેલ્વીયા આર. હિવાળે |
| | | ૧૭/૭ | ઉષા એમ. રાઠોડ | ૩૧/૭ | શેન પી. ક્રિશ્ચિયન |

### ફુલસ્કેપ નોટબુક્સ વિતરણ

સ્થાનિક ચર્ચના અભ્યાસ કરતા સર્વ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ચર્ચ તરફથી ફુલસ્કેપ નોટબુક્સ આપવામાં આવ્યા. ચર્ચ કમિટિનો આભાર.


આ બુલેટીન છાપવાનો તમામ ખર્ચ પ્રભુ પ્રેમી એક દાતા તરફથી મળેલ છે.

## ગત માસના કાર્ય તરફ દષ્ટિપાત

- તા. ૧-૬-૨૪ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટની પાળકોની પ્રાર્થના સંગત સવારે ૧૦-૦૦ કલાકે સ્થાનિક ચર્ચમાં રાખવામાં આવી હતી.
- તા. ૨-૬-૨૪ રવિવારની ભજનસેવા ચલાવી. ઈમાનુએલ જ્યુબિલી મેથોડિસ્ટ ચર્ચ, ગોમતીપુરના પાળક રેવ. પ્રવિણ પી. મેકવાન અને આગેવાનોએ તેઓના પ્રોજેક્ટના દાન માટે હાજરી આવી. રેવ. પ્રવિણ પી. મેકવાન સાહેબે વચન આપ્યું. પ્રભુભોજન પળાવવામાં આવ્યું. ગોમતીપુર ચર્ચ માટે સર્વ સભ્યોએ ખૂબ જ ઉદારતાથી દાન આપ્યું. સર્વનો આભાર. ભજનસેવા બાદ સ્થાનિક મહિલામંડળ આયોજીત ૨ શમુએલ ૧૩ થી ૨૮ અધ્યાય પ્રમાણે લેખિત બાઈબલ ક્વીઝ લેવામાં આવી.
  શ્રીમતી શીલાબેન પટેલ પરદેશ જતા હોવાથી બુકે આપી પ્રાર્થના સહ શુભેચ્છા આપવામાં આવી.
- તા. ૫-૬-૨૪ પ્રથમ બુધવારે શ્રી પ્રશાંતભાઈ એસ. ક્રિશ્ચિયનના ઘરે સાંજે ૮-૦૦ કલાકે પ્રાર્થના સંગત ચલાવવામાં આવી.
- તા. ૯-૬-૨૪ રવિવારની ભજનસેવામાં 'ક્વાયર સન્ડે'ની ઉજવણી કરવામાં આવી.
  ભજનસેવામાં અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટના માનનીય ડિ.સુ. રેવ. સ્મિતાબેન રોઝીયા સાહેબે હાજર રહી ઉત્તેજનદાયક વચન આપ્યું. ભજનસેવામાં ક્વાયરના સભ્યોએ શાસ્ત્રવાંચન, પ્રાર્થનામાં દોર્યા. સ્થાનિક લે-એક્ટિવિટી સમિતિ પ્રમુખ શ્રી એન્થનીભાઈ ઈમાનુએલે ક્વાયરની સેવા માટે ઉત્તેજનના શબ્દો કહ્યા અને ક્વાયરના સર્વ સભ્યોને ગુલાબનું ફૂલ આપી સન્માનિત કરવામાં આવ્યા. ક્વાયર સભ્યોમાંથી શ્રી એન્થનીભાઈ ક્રિશ્ચિયન તરફથી આભારના શબ્દો કહેવામાં આવ્યા.
  ભજનસેવા બાદ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ આયોજીત ક્વાયર રિટ્રીટ સ્થાનિક ચર્ચમાં રાખવામાં આવેલ જેને માનનીય ડિ.સુ. રેવ. સ્મિતાબેન રોઝીયા સાહેબ દ્વારા ત્રિએક ઈશ્વરના નામમાં પ્રાર્થનાસહ શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં સ્થાનિક પાળક રેવ. અરવિંદ ખ્રિસ્તીએ ટૂંક મનન કરાવ્યું હતું. ત્યારબાદ માનનીય ડિ.સુ. રેવ. સ્મિતાબેન રોઝિયા સાહેબે ભજન સંગ્રહના ગીતો શીખવ્યા અને બાઈબલ આધારિત ક્વાયરની સેવા સંબંધી શિક્ષણ આપ્યું હતું. ડિસ્ટ્રીક્ટના સર્વ ક્વાયરગણે હાજરી આપી હતી. આ રિટ્રીટમાં બપોરના ભોજનની વ્યવસ્થા તથા છુટ્યા બાદ ઠંડાપીણાની વ્યવસ્થા સ્થાનિક ચર્ચ તરફથી કરવામાં આવી હતી. આભાર. આ રિટ્રીટ આશીર્વાદિત રહી હતી.
- તા. ૧૬-૬-૨૪ રવિવારની ભજનસેવામાં ફાધર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રોફેસર ડૉ. અરવિંદ વાઘેલા સાહેબે ઉત્તેજનદાયક વચન આપ્યું હતું. સર્વ બાળકોએ પિતાઓને ગુલાબનું ફૂલ આપી સન્માન કર્યું હતું. આભાર. ભજનસેવા બાદ સ્થાનિક ચર્ચ સેક્રેટરી શ્રી સુનિલભાઈ કે. મેકવાન તરફથી સર્વ માટે ચ્હા-નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
- તા. ૨૩-૬-૨૪ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી હતી. ભજનસેવા બાદ સન્ડેસ્કૂલના બાળકોની મૌખિક પરીક્ષા લેવામાં આવી હતી. સન્ડેસ્કૂલ સુપ્રિ. તથા સર્વ શિક્ષકો, વાલીઓ, બાળકોનો આભાર.
  ભજનસેવા બાદ સુવાર્તા પ્રચાર મિશન સમિતિ પ્રમુખ શ્રી રાજેશભાઈ ક્રિશ્ચિયન અને સભ્યો સાથે મેથોડિસ્ટ ચર્ચ ગાંધીનગરમાં મિશન સેમિનારમાં હાજરી આપી હતી. આ સેમિનારમાં શરૂઆતમાં રેવ. મનોજ પરમાર સાહેબે ટૂંક મનનમાં દોર્યા હતા અને મેથોડિસ્ટ મિશનેરી મુવમેન્ટ ડાયરેક્ટર માનનીય ડિ.સુ. રેવ. સ્મિતાબેન રોઝીયા સાહેબે પ્રોજેક્ટર મારફતે મિશનકાર્યની સવિસ્તૃત સમજ આપી હતી તથા વચનની સેવા આપી હતી.
- તા. ૩૦-૬-૨૪ રવિવારની ભજનસેવા ચલાવવામાં આવી. આ ભજનસેવામાં કુ. સેનિટા પી. ક્રિશ્ચિયન ન્યુઝીલેન્ડથી સ્વદેશ વતનમાં આવેલ હોવાથી હાજર હતા. તેઓ ન્યુઝીલેન્ડ પરત જતા હોવાથી બુકે આપી પ્રાર્થના સહ શુભેચ્છા આપવામાં આવી.
  ભજનસેવાબાદ શ્રી પ્રશાંતભાઈ કે. ક્રિશ્ચિયન તરફથી સર્વ માટે આઈસ્ક્રીમની વ્યવસ્થા કરવામાં આવી હતી. આભાર.
- જૂન'૨૪ મહિનાના દર શુક્રવારે સાંજે ૮-૦૦ કલાકે ચર્ચમાં પ્રાર્થના સંગત ચલાવવામાં આવી હતી. જેમાં પ્રકટીકરણના પુસ્તકનો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

## પાળક દ્વારા મળેલા બર્થ ડે અને આભારસ્તુતિના દાનો

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રીમતી એની આકાશ રાઠોડ | બર્થડે | ૫૦૦ |
| ૨. | જેસન જે. ડેવિડ | બર્થડે | ૫૦૦ |
| ૩. | શ્રી નેવિલ આર. દરજી | આ.સ્તુ. | ૫૦૦ |
| ૪. | શ્રી નોએલ એસ. ક્રિસ્ટી | આ.સ્તુ. | ૨૦૦ |
| ૫. | કુ. સેનીટા પી. ક્રિશ્ચિયન સ્વદેશ તરફ સલામત મુસાફરી બદલ | આ.સ્તુ. | ૧૦૦૦ |
| ૬. | રેવ. અરવિંદ આર. ખ્રિસ્તી | બર્થડે | ૫૦૦ |
| ૭. | સ્વ. અનિલભાઈ ક્રિશ્ચિયનના સ્મરણાર્થે | આ.સ્તુ. | ૫૦૦ |
| ૮. | શ્રીમતી મોનિકાબેન ઓ. પેટ્રીક | આ.સ્તુ. | ૨૦૦ |
| ૯. | શ્રીમતી મોનિકાબેન ઓ. પેટ્રીક | મિશનેરી. | ૧૦૦ |
| ૧૦. | શ્રી ઓનિલભાઈ એ. પેટ્રીક | આ.સ્તુ. | ૨૦૦ |
| ૧૧. | શ્રી ઓનિલભાઈ એ. પેટ્રીક | મિશનેરી | ૧૦૦ |
| ૧૨. | કુ. એનેટ એ. ક્રિશ્ચિય જોબ મળવાથી અભિનંદન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૩. | કુ. સિલિયાબેન એસ. મેકવાન | બર્થડે | ૧૦૦૦ |
| ૧૪. | શ્રીમતી મોનિકાબહેન આઈ. ખ્રિસ્તી | બર્થડે | ૨૫૦ |
| ૧૫. | શ્રી લિનિયસભાઈ એસ. પેલમોર | બર્થડે | ૫૦૦ |
| ૧૬. | શ્રીમતી ઈન્દુબેન કે. વિશ્રામ | બર્થડે | ૫૦૦ |
| ૧૭. | શ્રીમતી કાઝમીન ક્રિશ્ચિયન | આ.સ્તુ. | ૫૦૦ |
| ૧૮. | શ્રીમતી સારાહબેન એફ. ટેલર | બર્થડે | ૫૦૦ |
| ૧૯. | શ્રીમતી હેમલત્તાબેન એસ. વાઘેલા | બર્થડે | ૨૫૦ |
| ૨૦. | શ્રી તનય એસ. વાઘેલા | બર્થડે | ૨૫૦ |
| ૨૧. | શ્રીમતી શ્રેયાબેન અમીન | બર્થડે | ૫૦૦ |
| ૨૨. | શ્રી ડિક્સનભાઈ એ. હેરી | બર્થડે | ૫૦૦ |

## જાહેરાતો

- તા. ૧૫-૮-૨૪ના રોજ સાંજે ૪-૦૦ કલાકે મેથોડિસ્ટ ચર્ચ, શાહપુરમાં વિદ્યાર્થી સન્માન સમારંભ અમદાવાદ ડિસ્ટ્રીક્ટ વેસ્ટ દ્વારા રાખવામાં આવેલ છે. આપણા ચર્ચના જે વિદ્યાર્થીઓ જે તે પ્રમાણપત્ર એનાયત અંતિમ પરીક્ષામાં ૬૦% કે તેથી વધુ પ્રાપ્ત કરેલ છે તેઓ માર્કશીટની ઝેરોક્ષ પાળકને આપશો. મોબાઈલ નંબર લખીને આપશો.
- ગુજરાત રીજીનલ મહિલા મંડળ તરફથી ઓગસ્ટ મહિનામાં પ્રેરિતોના કૃત્યોના પુસ્તક આધારે બાઈબલ ક્વીઝ રાખેલ છે સર્વ બહેનો તૈયારી કરશો.
- સ્થાનિક મેથોડિસ્ટ ચર્ચ મહિલા મંડળ આયોજીત બાઈબલ ક્વીઝ ૧ રાજા ૧ થી ૧૧ અધ્યાય પ્રમાણે ઓગસ્ટના પ્રથમ રવિવારે ૪-૮-૨૪ રોજ ભજનસેવા બાદ થશે. તૈયારી કરશો.
- મેથોડિસ્ટ ચર્ચ શાહપુર તરફથી સ્થાનિક ચર્ચના અભ્યાસ કરતા સર્વ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવશે. જે કુટુંબની વાર્ષિક આવક ૩ લાખથી ઓછી છે તેઓ છેલ્લી પરીક્ષાની માર્કશીટની ઝેરોક્ષ તથા જે તે સ્કૂલના બોનાફાઈટ સર્ટી સાથે અરજી આપશો.
- જુલાઈ મહિનો મિશન અને ઈવેન્જલીઝમ તરીકે ઉજવવાનો હોઈ સર્વ પ્રાર્થના કરશો સહકાર આપશો.
- ચર્ચ સેવાઓ માટે પ્રાર્થના કરશો અને કુટુંબ સાથે હાજરી આપશો.

## નાણાંકીય અહેવાલ મે - ૨૦૨૪

| | | |
|---|---|---|
| તા.૧-૫-૨૪ ની ઉઘડતી સિલક | | |
| | રોકડ | ૧૦૦૮૦.૦૦ |
| | બેંક | ૮૦૬૭૪૮.૫૯ |
| તા.૩૧-૫-૨૪ સુધીની | આવક | ૧૩૪૬૪૫.૦૦ |
| | કુલ | ૯૫૧૪૭૩.૫૯ |
| તા.૩૧-૫-૨૪ની બંધ સિલક | | |
| | રોકડ | ૨૫૭૧.૦૦ |
| | બેંક | ૮૧૬૨૮૮.૫૯ |
| તા.૩૧-૫-૨૪ સુધીનો | ખર્ચ | ૧૩૨૬૧૪.૦૦ |
| | કુલ | ૯૫૧૪૭૩.૫૯ |

શ્રી મનોજકુમાર સી. ચૌહાણ, ટ્રેઝરર